શ્રી વીતરાગાય નમઃ

આઠ યોગ-દૃષ્ટિની સજ્ઝાય.

શ્રી વીતરાગાય નમઃ

આઠ યોગ-દૃષ્ટિની સજ્ઝાય.

પ્રકાશક:—

બ્ર૦ ગોવર્દ્ધનદાસજી. B. A.,

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ.

અગાસ.

વિક્રમ સંવત ૧૯૯૬ — પ્રત ૪૦૦. — સને ૧૯૪૦

મુદ્રક:—

જાની ગોવિંદલાલ મોહનલાલ

શ્રી કીશ્રા પ્રીન્ટરી,

રતનપોળ—અમદાવાદ.

શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય કૃત
આઠ યોગ-દૃષ્ટિની સજ્ઝાય.

ઢાળ પહેલી

પ્રથમ મિત્રા દૃષ્ટિ-વિચાર.

ચતુર સનેહી મોહના-એ દેશી.

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિઠ્ઠીરે;
તે ગુણ શુણી જિનવીરનો, કરશું ધર્મની પુઠ્ઠીરે.
વીરજિનેસર દેશના૦ ૧

સઘન અઘન દિનરયણિમાં, બાલવિકલને અનેરારે;
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરારે.
વી૦ ૨

દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરેરે;
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરેરે.
વી૦ ૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવેરે;
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવેરે.
વી૦ ૪

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજેરે;
રયણિ શયન જેમ શ્રમહરે, સુરનર સુખ તેમ છાજેરે.
વી૦ ૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;

જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીએરે.
વી૦ ૬
વ્રત પણ[1] યમ ઇહાં સંપજે, ખેદ નહીં શુભ કાજેરે;
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજેરે.
વી૦ ૭
યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામોરે;
ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગસુઠામોરે.
વી૦ ૮
દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઓષધ પ્રમુખને દાનેરે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાનેરે.
વી૦ ૯
લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહોરે;
ભાવ વિસ્તાર સઝઝાયથી, ચિંતન ભાવન ચાહોરે.
વી૦ ૧૦
બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહરે;
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહરે.
વી૦ ૧૧
સદ્ગુરૂ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહોરે,
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહોરે.
વી૦ ૧૨

---

૧. પાંચ.

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગીરે;
તેમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગીરે.
વી૦ ૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તરે,
સાધુને સિદ્ધ દશાસમું, બીજનું ચિત્ત પ્રવર્તરે.
વિ૦ ૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણ ઠાણુંરે;
મુખ્યપણે તે ઈહાં હોયે, સુયશ વિલાસનું ટાણુંરે.
વી૦ ૧૫

ઢાળ બીજી.

બીજી તારા દૃષ્ટિ-વિચાર.

મનમોહન મેરે-એ દેશી.

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે;
ગોમય અગ્નિ સમાન; મ૦
શૌચ સંતોષને તપ ભલું, મ૦
સઝઝાય ઇશ્વર ધ્યાન. મ૦
નિયમ પંચ ઈહાં સંપજે, મ૦
નહીં કિરિઆ ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦
પણ નહિ નિજ હઠ ટેગ. મ૦ ૨

એહ દ્રષ્ટિ હોય વરતતાં, મ૦
યોગકથા બહુ પ્રેમ; મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦
વાળ્યો વળે જેમ હેમ. મ૦ ૩
વિનય અધિક ગુણીનો કરે, મ૦
દેખે નિજગુણ હાણ; મ૦
ત્રાસ ધરે ભવભય થકી, મ૦
ભવ માને દુઃખ ખાણ. મ૦ ૪
શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦
શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦
ન કરે જુઠ ડફાણ. મ૦ ૫

ઢાળ ત્રીજી.

ત્રીજી બલા દ્રષ્ટિ-વિચાર.

પ્રથમ ગોવાલ તણે ભવે જીરે. એ દેશી.

ત્રીજી દ્રષ્ટિ બલા કહીજી, કાષ્ટ અગ્નિ સમબોધ;
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધરે.
જિનજી, ધનધન તુજ ઉપદેશ. ૧
તરૂણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત;
સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દ્રષ્ટિ સુવિનીતરે.
જિ૦ ૨

સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણુ શ્રુત થલકૂપ;[1]
શ્રવણુ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપરે.
જિ૦ ૩
મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
તે ઇચ્છા વિણુ ગુણુકથાજી, બ્હેરા આગલ ગાનરે.
જિ૦ ૪
વિઘન ઈહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોયરે.
જિ૦ ૫

ઢાળ ચોથી.

ચોથી દીપ્રા દૃષ્ટિ-વિચાર.

ઝાંઝરીઆ મુનિવર ધનધન તુમ અવતાર. એ દેશી.

યોગ દૃષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન;
પ્રાણુાયામ તે ભાવથીજી, દીપ પ્રભાસમ જ્ઞાન.
મનમોહન જિનજી મીઠી તાહરી વાણુ. ૧
બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણુાયામ સ્વભાવ.
મન૦ ૨
ધર્મ અર્થે ઇહાં પ્રાણુનેજી, છાંડે પણુ નહીં ધર્મ;
પ્રાણુ અર્થે સં.ટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.
મન૦ ૩

---

૧ પાણી વગરનો કૂવો.

તત્ત્વ શ્રવણ મધુરોદકેજી, ઇહાં હોયે બીજ-પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ.
મન૦ ૪

સૂક્ષ્મબોધ તો પણ ઇહાંજી, સમકિતવિણ નવિહોય;
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય.
મન૦ ૫

વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ;
નય નિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ.
મન૦ ૬

તે પદ ગ્રંથી વિભેદથીજી, છેહલી પાપ-પ્રવૃત્તિ;
તમલોહપદ ધૃતિ સમીજી, તિહાં હોય અંતે નિવૃત્તિ.
મન૦ ૭

એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય;
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય.
મન૦ ૮

લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ.
મન૦ ૯

એવા અવગુણવંતનુંજી, પદ જે અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમતણોજી, તે[1] જીત્યો ધુરંધોર.
મન૦ ૧૦

---

૧ પાઠાંતરઃ—તે જીતે ધરી જોર.

તે જિતે સહુજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર.
મન૦ ૧૧

હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર;
આળજુઆ ગુરુ શિષ્યનાજી, તે તો વચન પ્રકાર.
મન૦ ૧૨

ત્રીજે તે પતિઆવવુંજી, આપ-મતે અનુમાન;
આગમને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન.
મન૦ ૧૩

નહીં સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ.
મન૦ ૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર.
મન૦ ૧૫

ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત.
મન૦ ૧૬

આદર ક્રિયા-રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ;
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ.
મન૦ ૧૭

બુદ્ધિ ક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવ અંગ;
અસંમોહ કિરિઆ દીએજી, શીઘ્ર મુગતિફલ ચંગ.
મન૦ ૧૮

પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગદીન.
મન૦ ૧૯

શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન.
મન૦ ૨૦

શબ્દ ભેદ ઝગડો કિસ્યોજી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુર નદીજી, વસ્તુ ફરે નહીં છેક.
મન૦ ૨૧

ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સન્યાસ;
તો ઝગડા મોટા તણોજી, મુનિને કવણ અભ્યાસ.
મન૦ ૨૨

અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ.
મન૦ ૨૩

ઢાળ પાંચમી.

પાંચમી સ્થિરા દૃષ્ટિ-વિચાર.

ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.

દષ્ટિ થિરામાંહિ દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર
વખાણો રે. ૧
એ ગુણ વીરતણો ન વિસારૂં, સંભારૂં દિનરાતરે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે.
એ ગુણ૦ ૨
બાલ ધૂલ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસેરે;
રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસેરે.
એ૦ ૩
વિષય વિકારે ન ઇંદ્રિય જોડે. તે ઇહાં પ્રત્યાહારોરે;
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારોરે.
એ૦ ૪
શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનનેરે;
ધર્મ-જનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનનેરે.
એ૦ ૫
અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસીરે;
ચિદાનંદ ઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશીરે. ?
એ૦ ૬

ઢાળ છઠ્ઠી.

છઠ્ઠી કાંતા દષ્ટિ-વિચાર.

ધોબીડા હંસારે વિષય ન રાચીએ-એ દેશી.

અચપલ રોગરહિત નિષ્ઠુર નહિ,
અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારોરે કાન્તિ પ્રસન્નતા,
સુસ્વર પ્રથમ[1] પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું. ૧

ધીર પ્રભાવીરે આગલે યોગથી,
મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઇષ્ટનોરે દ્વંદ્વ અધૃષ્યતા,
જન પ્રિયતા હોય નિત્ય. ધન૦ ૨

નાશ દોષનોરે તૃપ્તિ પરમ લહે,
સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનોરે બુદ્ધિ શતંભરા,[2]
એ નિષ્પન્નહ યોગ. ધન૦ ૩

ચિન્હ યોગનાંરે જે પરગ્રંથમાં,
યોગાચારય દિઠ્ઠ;
પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીએ,
એહવા તેહ ગરિઠ્ઠ. ધન૦ ૪

છઠ્ઠિ દિઠ્ઠિરે હવે કાંતા કહું,
તિહાં તારાભ-પ્રકાશ,

---

૧ પાઠાંતરઃ—પ્રમુખ ૨ પાઠાંતરઃ-ઋતંભરા.

તત્ત્વ મીમાંસારે દ્રઢ હોયે ધારણા,
નહીં અન્ય શ્રુત વાસ. ધન૦ ૫
મન મહિલાનુંરે વાહલા ઉપરે;
બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મેરે મન દૃઢ ધરે,
જ્ઞાનાક્ષેપકવંત. ધન૦ ૬
એહવે જ્ઞાનેરે વિઘન-નિવારણો,
ભોગ નહિ ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી,
મન ગુણ અવગુણ ખેત. ધન૦ ૭
માયા પાણીરે જાણી તેહને,
લંઘી જાય અડોલ;
સાચું જાણીરે તે બીતો રહે,
ન ચલે ડામાડોલ. ધન૦ ૮
ભોગ તત્ત્વનેરે એમ ભય નવિ ટળે,
જુઠા જાણેરે ભોગ;
તે એ દ્રષ્ટિરે ભવ સાયર તરે,
લહે વળી સુયશ સંયોગ. ધન૦ ૯

ઢાળ સાતમી.

સાતમી પ્રભા દ્દષ્ટિ-વિચાર.

એ છિંડી કિહાં રાખી. એ દેશી.

અર્ક પ્રભાસમ બોધપ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિટ્ઠી;
તત્ત્વ તણી પ્રતિપત્તિ ઈહાંવળી, રોગ નહીં સુખ પુટ્ઠીરે.
ભવિકા વીર વચન ચિત્ત ધરીએ ૧
સઘળું પરવશ તે દુ:ખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએરે ?
ભ૦ ૨
નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારીરે. ? ભ૦ ૩
એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચુંરે.
ભ૦ ૪
વિષભાગક્ષય, શાંતવાહિતા, શિવમારગ ધ્રુવનામ;
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુયશ પરિણામ.
ભ૦ ૫

ઢાળ આઠમી.

આઠમી પરાદૃષ્ટિ-વિચાર.

તુજ સાથે નહિ બોલું મારા વહાલા—એ દેશી.

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી;

નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહીં
અતિચારીજી,
આરોહે આરુઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી.
૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને[1] ન ગવેષેજી,
આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ-ગેહોજી.
૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ-ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુ ક્ષયસર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી[2],
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહાજી.
૩

ઉપસંહાર.

એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી,
કુલ યોગીને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરુ-દેવ-દ્વિજ-પ્રિય, દયાવંત ઉપયોગીજી.
૪

---

૧ વાસના. ૨ વાંચ્છા.

શુશ્રૂષાદિક (અડ)ગુણ સંપૂરણ, પ્રવૃત્ત ચક્ર તે કહિયેજી,
યમદ્વય લાભી પરદુગ અર્થિ, આદ્ય અવંચક લહિયેજી;
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેજી,
શુદ્ધ રુચે પાળે અતિચારહ, ટાલે ફળ પરિણામેજી. ૫

કુલયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહિ એ વાતજી;
શુદ્ધ ભાવને સૂનિ કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
જલહલતો સૂરજ ને ખજૂઓ, તાસ તેજમાં તેતોજી. ૬

ગુહ્ય ભાવ એ તેહને કહિએ, જેહસું અંતર ભાંજેજી,
જેહસું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહારને લાતોજી. ૭

સભાત્રણ શ્રોતાગુણ અવગુણ, નંદી સૂત્રે દિસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પૂરજો નિજનિજ ઇચ્છા, યોગભાવ ગુણરયણેજી,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક યશને વયણેજી. ૮

— દૃષ્ટિ સમાસ. —

